Sunday
09.04.2023
*Volume :7 * Issue No.250
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# પ્રધાનમંત્રીએ તેલંગાણાનાં હૈદરાબાદમાં રૂ. ૧૧,૩૦૦ કરોડથી વધારેનાં મૂલ્યના વિવિધ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું

## "સિકંદરાબાદ-તિરૂપતિ વંદે ભારત એક્સપ્રેસ આસ્થા, આધુનિકતા, ટેક્નોલોજી અને પ્રવાસનને સફળતાપૂર્વક જોડશે"






કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તેલંગાણાનાં હૈદરાબાદમાં પરેડ ગ્રાઉન્ડ ખાતે રૂ. ૧૧,૩૦૦ કરોડથી વધારે મૂલ્યના વિવિધ પ્રોજેક્ટ્સનું શિલારોપણ કર્યું હતું અને રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા. આ પરિયોજનાઓમાં એઈમ્સ બીબીનગર- હૈદરાબાદ, પાંચ રાષ્ટ્રીય રાજમાર્ગ પરિયોજનાઓ અને સિકંદરાબાદ રેલવે સ્ટેશનના પુનર્વિકાસનાં ભૂમિપૂજનનો સમાવેશ થાય છે. તેમણે રેલવે સાથે સંબંધિત અન્ય વિકાસલક્ષી પરિયોજનાઓનું લોકાર્પણ પણ કર્યું હતું. દિવસની શરૂઆતમાં પ્રધાનમંત્રીએ હૈદરાબાદનાં સિકંદરાબાદ રેલવે સ્ટેશન પર સિકંદરાબાદ-તિરુપતિ વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી પણ આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ તેલંગાણા રાજયના વિકાસની ગતિ વધારવાની તક મળવા બદલ આભારની લાગણી વ્યકત કરી હતી. તેમણે દિવસની શરૂઆતમાં સિકંદરાબાદ રેલવે સ્ટેશન પર સિકંદરાબાદ-તિરુપતિ વંદે ભારત એકસપ્રેસને લીલી ઝંડી આપવાની વાત પણ યાદ કરી હતી, જે આઈટી સિટી હૈદરાબાદને ભગવાન વેંકટેશ્વરનાં નિવાસસ્થાન તિરુપતિ સાથે જોડશે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, "સિકંદરાબાદ-તિરૂપતિ વંદે ભારત એક્સપ્રેસ આસ્થા, આધુનિકતા, ટેકનોલોજી અને પ્રવાસનને સફળતાપૂર્વક જોડશે." પ્રધાનમંત્રીએ તેલંગાણાના નાગરિકોને રેલવે અને રોડ કનેક્ટિવિટી અને હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સાથે સંબંધિત રૂ. ૧૧,૩૦૦ કરોડથી વધુની કિંમતની આજની પરિયોજનાઓ માટે અભિનંદન પાઠવ્યા હતા. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, તેલંગાણા રાજ્ય લગભગ એ જ સમયથી અસ્તિત્વમાં છે, જે સમયે કેન્દ્રમાં હાલની સરકાર છે અને તેમણે રાજયની રચનામાં યોગદાન આપનારા લોકો સામે તેમનું શિશ નમાવ્યું હતું. શ્રી મોદીએ 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ'ની ભાવના પર પ્રકાશ પાડતા કહ્યું હતું કે, "તેલંગાણાના વિકાસ સાથે સંબંધિત રાજયના નાગરિકોનાં સપનાને સાકાર કરવાની કેન્દ્રની સરકારની ફરજ છે." તેમણે કહ્યું હતું કે, તેલંગાણા છેલ્લાં નવ વર્ષમાં ભારતના વિકાસનાં મૉડલનો મહત્તમ લાભ ઉઠાવી શકે એ માટે વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. શહેરોમાં વિકાસનું ઉદાહરણ ટાંકીને પ્રધાનમંત્રીએ છેલ્લાં નવ વર્ષમાં ૭૦ કિલોમીટરનાં મેટ્રો નેટવર્કનો ઉલ્લેખ કર્યો હતો અને હૈદરાબાદ મલ્ટિ-મોડલ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ (એમએમટીએસ)ના વિકાસમાં થયેલી પ્રગતિનો ઉલ્લેખ કર્યો હતો. આજે ૧૩ એમએમટીએસ સેવાઓની શરૂઆત પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે, તેલંગાણા માટે રાજ્યમાં તેનાં વિસ્તરણ માટે રૂ. ૬૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે, જેનો લાભ હૈદરાબાદ, સિકંદરાબાદ અને નજીકના જિલ્લાઓમાં લાખો નાગરિકોને મળશે, ત્યારે નવાં વ્યાવસાયિક કેન્દ્રો અને રોકાણને પણ પ્રોત્સાહન મળશે. કોવિડ-૧૯ મહામારીને કારણે અને બે દેશો વચ્ચે ચાલી રહેલાં યુદ્ધને કારણે વિશ્વની અર્થવ્યવસ્થાની અણધારિતાની નોંધ લઈને પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત એવા જૂજ દેશોમાંનો એક છે કે જેણે આધુનિક માળખાગત સુવિધા માટે વિક્રમજનક રોકાણ કર્યું છે. તેમણે માહિતી આપી હતી કે આ વર્ષનાં બજેટમાં ભારતમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે ૧૦ લાખ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. તેમણે ધ્યાન દોર્યું હતું કે, છેલ્લાં નવ વર્ષમાં તેલંગાણાનું રેલવે બજેટ ૧૭ ગણું વધ્યું છે અને નવી રેલવે લાઈન નાંખવાનું, રેલવે લાઈન ડબલિંગ અને ઈલેક્ટ્રિફિકેશન વગેરે કામ વિક્રમજનક સમયમાં થયું છે. તેમણે કહ્યું હતું કે, "સિકંદરાબાદ-મહબૂબનગર પ્રોજેક્ટનું ઈલેક્ટ્રિફિકેશન એનું મુખ્ય ઉદાહરણ છે." તેમણે નોંધ્યું હતું કે, તેનાથી હૈદરાબાદ અને બેંગલુરુ વચ્ચેની કનેક્ટિવિટીમાં સુધારો થશે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, સિકંદરાબાદ રેલવે સ્ટેશનનો પુનર્વિકાસ દેશમાં મુખ્ય રેલવે સ્ટેશનોનાં આધુનિકીકરણ માટેની ઝુંબેશનો એક ભાગ છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, રેલવેની સાથે તેલંગાણાનું હાઈવે નેટવર્ક પણ ઝડપથી વિકસાવવામાં આવી રહ્યું છે તથા તેમણે ચાર હાઈવે પ્રોજેક્ટ્સનો ઉલ્લેખ કર્યો હતો, જેનો આજે શિલાન્યાસ થયો છે. પ્રધાનમંત્રીએ રૂ. ૨૩૦૦ કરોડના ખર્ચે નિર્માણ થઈ રહેલા હાઈવેનાં અકકલકોટ-કુર્નૂલ સેકશન, રૂ. ૧૩૦૦ કરોડના ખર્ચે મહાબૂબનગર-ચિંચોલી સેક્શન, રૂ. ૯૦૦ કરોડના ખર્ચે કાલવાકુર્થી-કોલ્લાપુર સેક્શન અને રૂ. ૨૭૦૦ કરોડના ખર્ચે ખમ્મમ-દેવરાપલ્લે સેક્શનનો ઉલ્લેખ કરીને ભારપૂર્વક જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર તેલંગાણામાં આધુનિક રાજમાર્ગોનાં વિકાસમાં સંપૂર્ણ તાકાત સાથે અગ્રેસર છે. શ્રી મોદીએ જાણકારી આપી હતી કે, તેલંગાણામાં રાષ્ટ્રીય રાજમાર્ગોની લંબાઈ વર્ષ ૨૦૧૪માં રાજ્યની સ્થાપનાના સમયે ૨૫૦૦ કિલોમીટરથી બમણી થઈને અત્યારે ૫,૦૦૦ કિલોમીટરથી વધારે થઈ ગઈ છે, જ્યાં કેન્દ્ર સરકારે રૂ. ૩૫,૦૦૦ કરોડનો ખર્ચ કર્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે તેલંગાણામાં ૬૦,૦૦૦ કરોડ રૂપિયાના રોડ પ્રોજેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે જેમાં ગેમ ચેન્જિંગ હૈદરાબાદ રિંગ રોડનો સમાવેશ થાય છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, "કેન્દ્ર સરકાર તેલંગાણામાં ઉદ્યોગ અને કૃષિ એમ બંનેના વિકાસ પર ભાર મૂકી રહી છે." ટેકસટાઈલ એ એવો જ એક ઉદ્યોગ છે, જે ખેડૂત અને શ્રમિક બંનેને તાકાત આપે છે, એમ નોંધતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, સરકારે દેશભરમાં ૭ મેગા ટેકસટાઈલ પાર્ક્સ સ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે અને તેમાંનો એક તેલંગાણામાં હશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, તેનાથી યુવાનો માટે રોજગારીની નવી તકોનું સર્જન થશે. આજે એઈમ્સ બીબીનગરનો શિલાન્યાસ કરવાનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, સરકાર તેલંગાણામાં શિક્ષણ અને સ્વાસ્થ્યમાં પણ રોકાણ કરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, "આજના વિવિધ પ્રોજેક્ટ્સથી તેલંગાણામાં ઈઝ ઑફ ટ્રાવેલ, ઈઝ ઑફ લિવિંગ અને ઈઝ ઑફ ડૂઈંગ બિઝનેસમાં વધારો થશે." જો કે, પ્રધાનમંત્રીએ રાજય સરકારનો સહયોગ ન મળવાને કારણે અનેક કેન્દ્રીય પરિયોજનાઓને પૂર્ણ કરવામાં થઈ રહેલા વિલંબ પર દુઃખ વ્યક્ત કર્યું હતું. તેલંગાણાના લોકોને જ નુકસાન થાય છે એ બાબત તરફ ધ્યાન દોરતા શ્રી મોદીએ રાજ્ય સરકારને વિનંતી કરી હતી કે, તેઓ વિકાસ સાથે સંબંધિત કાર્યોમાં કોઈ અવરોધ ઊભો ન થવા દે અને ગતિને પણ વેગ આપે. દેશવાસીઓની આશાઓ, આકાંક્ષાઓ અને સપનાઓને પૂર્ણ કરવા માટે અમારી સરકારની પ્રાથમિકતા પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ ઉદ્ગાર કર્યો કે, મુઠ્ઠીભર લોકો વિકાસની પ્રગતિથી ખૂબ જ બેચેન છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જે લોકો સગાવાદ અને ભ્રષ્ટાચારને પોષે છે, તેમને દેશનાં હિત અને સમાજનાં કલ્યાણ સાથે કોઈ લેવાદેવા નથી, અને તેઓ પ્રામાણિક રીતે કામ કરનારાઓ માટે પણ સમસ્યાઓ ઊભી કરે છે. પ્રધાનમંત્રીએ તેલંગાણાના લોકોને ચેતવણી આપી હતી અને કહ્યું હતું કે, એ લોકો દરેક પ્રોજેક્ટ અને રોકાણમાં ફક્ત તેમના પરિવારનું હિત શોધે છે. ભ્રષ્ટાચાર અને ભાઈ-ભત્રીજાવાદ વચ્ચેની સમાનતાનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ પુનરોચ્ચાર કર્યો હતો કે, જ્યારે સગાવાદ થાય છે, ત્યારે ભ્રષ્ટાચારનો વિકાસ થવા લાગે છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "અંકુશ એ કુટુંબવાદ અને વંશવાદની રાજનીતિનો મુખ્ય મંત્ર છે." આ પ્રકારના સિદ્ધાંતોની ટીકાને આગળ વધારતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, રાજવંશો દરેક વ્યવસ્થા પર પોતાનો અંકુશ જાળવી રાખવાઈચ્છે છે અને જ્યારે કોઈ વ્યક્તિ તેમનાં નિયંત્રણને પડકારે છે, ત્યારે તેને ધિક્કારવા લાગે છે. ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફર સિસ્ટમ અને સમગ્ર દેશમાં ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવાનું ઉદાહરણ આપીને પ્રધાનમંત્રીએ કયા લાભાર્થીને શું લાભ થશે તેના પર અંકુશ રાખનારા રાજવંશીય બળો તરફ આંગળી ચીંધી હતી અને આ સ્થિતિમાંથી ઉદ્?ભવતા ત્રણ અર્થો વિશે વિસ્તૃત વર્ણન કર્યું હતું. પહેલો અર્થ, પ્રધાનમંત્રીએ કહ્યું કે, પરિવારની પ્રશંસા થતી રહેવી જોઈએ, બીજું, ભ્રષ્ટાચારનાં નાણાં પરિવારને આવતાં રહેવાં જોઈએ, અને ત્રીજું, ગરીબોને મોકલવામાં આવતાં નાણાં ભ્રષ્ટ ઈકોસિસ્ટમ દ્વારા પ્રાપ્ત થવાનું ચાલુ રહેવું જોઈએ. "આજે મોદીએ ભ્રષ્ટાચારનાં આ વાસ્તવિક મૂળ પર હુમલો કર્યો છે. તેથી જ આ લોકો હચમચી ગયા છે અને જે કંઈ પણ કરવામાં આવી રહ્યું છે તે ગુસ્સાથી થઈ રહ્યું છે." શ્રી મોદીએ રાજકીય પક્ષોનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે, જેઓ વિરોધ તરીકે કોર્ટમાં ગયા હતા પરંતુ તેમને ત્યાં આંચકો લાગ્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "લોકશાહીને સાચા અર્થમાં મજબૂત કરવા માટે સબકા વિકાસ (સૌનો વિકાસ)ની ભાવના સાથે કામ કરવામાં આવે છે, ત્યારે બંધારણની સાચી ભાવના સાકાર થાય છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં કેન્દ્ર સરકાર રાજવંશનાં રાજકારણની બેડીઓમાંથી મુક્ત થઈ એનાં પરિણામ આખો દેશ જોઈ રહ્યો છે. તેમણે માહિતી આપી હતી કે, છેલ્લાં ૯ વર્ષમાં દેશની ૧૧ કરોડ માતાઓ, બહેનો અને દીકરીઓને શૌચાલયોની સુવિધા મળી છે, જેમાં તેલંગાણાના ૩૦ લાખથી વધારે પરિવારો સામેલ છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, દેશમાં ૯ કરોડથી વધારે બહેનો અને દીકરીઓને ઉજ્જવલા ગેસનાં જોડાણો વિનામૂલ્યે મળ્યાં છે, જેમાં છેલ્લાં ૯ વર્ષમાં તેલંગાણાનાં ૧૧ લાખથી વધારે ગરીબ પરિવારો સામેલ છે. તેમણે જાણકારી આપી હતી કે, આજે અમારી સરકારમાં ૮૦ કરોડ ગરીબોને મફત રાશન આપવામાં આવી રહ્યું છે, ગરીબોને પાંચ લાખ રૂપિયા સુધીની મફત સારવાર આપવામાં આવી રહી છે, તેલંગાણાના ૧ કરોડ પરિવારોનાં જન ધન બૅંક ખાતા પહેલીવાર ખોલવામાં આવ્યાં છે, તેલંગાણાના અઢી લાખ નાના ઉદ્યોગ-સાહસિકોને ગૅરન્ટી વિના મુદ્રા લોન મળી છે. ૫ લાખ સ્ટ્રીટ-વેન્ડર્સને પ્રથમ વખત બૅંક લોન મળી છે, અને તેલંગાણાના ૪૦ લાખથી વધુ નાના ખેડૂતોને પીએમ કિસાન સન્માન નિધિ હેઠળ લગભગ ૯ હજાર કરોડ રૂપિયા મળ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "જયારે દેશ 'તુષ્ટિકરણ'થી દૂર 'સંતુષ્ટિકરણ' (સૌનો સંતોષ) તરફ આગળ વધે છે, ત્યારે સાચા સામાજિક ન્યાયનો જન્મ થાય છે." તેમણે ટિપ્પણી કરી હતી કે તેલંગાણા સહિત આખો દેશ સંતુષ્ટિકરણના માર્ગ પર ચાલવા માગે છે અને સબકા પ્રયાસ સાથે વિકાસમાં યોગદાન આપવા માગે છે.

પ્રધાનમંત્રીએ તેલંગાણાની વિકાસયાત્રામાં આગામી ૨૫ વર્ષનાં મહત્ત્વ પર ભાર મૂકતાં સમાપનમાં કહ્યું હતું કે, "આઝાદી કા અમૃત કાળમાં વિકસિત ભારતનું નિર્માણ કરવા માટે તેલંગાણાનો ઝડપી વિકાસ અતિ મહત્ત્વપૂર્ણ છે." આ પ્રસંગે તેલંગાણાના રાજયપાલ ડૉ. તમિલિસાઈ સૌંદરરાજન, કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય પ્રવાસન મંત્રી શ્રી જી કિશન રેડ્ડી, મલકાજગિરીના સાંસદ શ્રી એ. રેવંત રેડ્ડી અને તેલંગાણા સરકારના મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ ૧૦મી એપ્રિલે અરુણાચલ પ્રદેશના સરહદી ગામ કિબિથૂમાં 'વાયબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ' શરૂ કરશે

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ થી ૨૦૨૫-૨૬ માટે રોડ કનેક્ટિવિટી માટે રૂ. ૨૫૦૦ કરોડ સહિત રૂ. ૪૮૦૦ કરોડના કેન્દ્રીય ઘટકો સાથેના 'વાયબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ'ને મંજૂરી આપી છે.**



- **આ કાર્યક્રમ ઓળખાયેલા સરહદી ગામોમાં રહેતા લોકોના જીવનની ગુણવત્તા સુધારવામાં મદદ કરશે અને લોકોને તેમના મૂળ સ્થાનો પર રહેવા માટે પ્રોત્સાહિત કરશે જેથી આ ગામોમાંથી સ્થળાંતર અટકાવવામાં આવશે અને સરહદની સુરક્ષામાં ઉમેરો થશે.**
- **અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ અને લદ્દાખના UTમાં ઉત્તર સરહદે આવેલા ૧૯ જિલ્લાના ૪૬ બ્લોકમાં ૨૯૬૭ ગામોને 'વાયબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ' હેઠળ વ્યાપક વિકાસ માટે ઓળખવામાં આવ્યા છે.**
- **શ્રી અમિત શાહ "ગોલ્ડન જ્યુબિલી બોર્ડર ઇલ્યુમિનેશન પ્રોગ્રામ" હેઠળ નિર્મિત અરુણાચલ પ્રદેશ સરકારના નવ માઇક્રો હાઇડલ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે, તેઓ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વધારવા અને ITBP કર્મચારીઓ સાથે વાતચીત કરવા માટે ઇન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસ પ્રોજેક્ટ્સનું પણ અનાવરણ કરશે.**

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ ૧૦-૧૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ અરુણાચલ પ્રદેશની મુલાકાત લેશે. તેમની મુલાકાતના પ્રથમ દિવસે, તેઓ અરુણાચલ પ્રદેશના અંજાવ જિલ્લાના સરહદી ગામ કિબિથૂમાં ૧૦ એપ્રિલ, ૨૦૨૩ ના રોજ 'વાયબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ'નો પ્રારંભ કરશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ભારત સરકારે રૂ. ૪૮૦૦ કરોડના કેન્દ્રીય ઘટકો સાથેના 'વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ' (VVP)ને મંજૂરી આપી છે, જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩થી ૨૦૨૫-૨૬ માટે રોડ કનેક્ટિવિટી માટે રૂ. ૨૫૦૦ કરોડનો સમાવેશ થાય છે. VVP એ એક કેન્દ્રીય પ્રાયોજિત યોજના છે જે અંતર્ગત અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ અને લદ્દાખના UT રાજ્યોમાં ઉત્તર સરહદે આવેલા ૧૯ જિલ્લાના ૪૬ બ્લોકમાં ૨૯૬૭ ગામોને વ્યાપક વિકાસ માટે ઓળખવામાં આવ્યા છે. પ્રથમ તબક્કામાં, કવરેજ પર પ્રાથમિકતા માટે ૬૬૨ ગામોની ઓળખ કરવામાં આવી છે, જેમાં અરુણાચલ પ્રદેશના ૪૫૫ ગામોનો સમાવેશ થાય છે. વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ ઓળખાયેલ સરહદી ગામોમાં રહેતા લોકોના જીવનની ગુણવત્તા સુધારવામાં મદદ કરશે અને લોકોને તેમના મૂળ સ્થાનો પર રહેવા પ્રોત્સાહિત કરશે જેથી આ ગામોમાંથી સ્થળાંતર અટકાવવામાં આવશે અને સરહદની સુરક્ષામાં ઉમેરો થશે. જિલ્લા વહીવટીતંત્ર બ્લોક અને પંચાયત સ્તરે યોગ્ય તંત્રની મદદથી કેન્દ્ર અને રાજ્યની યોજનાઓની ૧૦૦% સંતૃપ્તિ સુનિશ્ચિત કરવા માટે ઓળખાયેલા ગામો માટે એકશન પ્લાન તૈયાર કરશે. ગામડાઓના વિકાસ માટે ઓળખવામાં આવેલા હસ્તક્ષેપના ફોકસ ક્ષેત્રોમાં રોડ કનેક્ટિવિટી, પીવાનું પાણી, સૌર અને પવન ઊર્જા સહિત વીજળી, મોબાઈલ અને ઈન્ટરનેટ કનેક્ટિવિટી, પ્રવાસી કેન્દ્રો, બહુહેતુક કેન્દ્રો અને આરોગ્યસંભાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુખાકારી કેન્દ્રોનો સમાવેશ થાય છે. શ્રી અમિત શાહ ૧૦ એપ્રિલ, ૨૦૨૩ના રોજ કિબિથૂમાં "ગોલ્ડન જ્યુબિલી બોર્ડર ઈલ્યુમિનેશન પ્રોગ્રામ" હેઠળ અરુણાચલ પ્રદેશ સરકારના નવ માઈક્રો હાઈડલ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે. આ વીજળી પ્રોજેકટ સરહદી ગામડાઓમાં રહેતા લોકોનું સશક્તિકરણ કરશે. તેઓ લિકાબાલી (અરુણાચલ પ્રદેશ), છપરા (બિહાર), નૂરનાદ (કેરળ) અને વિશાખાપટ્ટનમ (આંધ્રપ્રદેશ) ખાતે ઈન્ફ્રાસ્ટ્રકચર વધારવા માટે ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસ (ITBP) પ્રોજેક્ટ્સનું પણ ઉદ્ઘાટન કરશે. કેન્દ્રીય ગૃહમંત્રી કિબિથૂ ખાતે ITBPના જવાનો સાથે પણ વાતચીત કરશે. સરહદી જિલ્લાઓના સ્વ-સહાય જૂથોની મહિલા સભ્યો દ્વારા બનાવેલ ઉત્પાદનોનું પ્રદર્શન પણ યોજવામાં આવશે. શ્રી અમિત શાહ સરહદી ગામોની મહિલાઓના પ્રયાસોથી પરિચિત થવા અને તેની પ્રશંસા કરવા પ્રદર્શન સ્ટોલની મુલાકાત લેશે. ૧૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ, કેન્દ્રીય ગૃહ પ્રધાન અને સહકાર પ્રધાન નમતી ક્ષેત્રની મુલાકાત લેશે અને વાલોંગ યુદ્ધ સ્મારક પર શ્રદ્ધાંજલિ આપશે.

